ગુજરાતમિત્ર

## ગતિવિધિ

## વડોદરામાં લો ફેકલ્ટીના વિદ્યાર્થીઓ સાથે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**વડોદરા** : વડોદરામાં લો ફેકલ્ટીના વિદ્યાર્થીઓ સાથે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. UNACCC,ટીમ SVEEP વડોદરા અને Sambhav Initiative દ્વારા સંયુક્ત રીતે પ્રથમ વખત મતદાન કરનાર યુવા મતદારો સાથે મતદાનના અધિકારો પર એક સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુવા મતદારોને વિવિધ પ્રકારની ચૂંટણીઓ, મતદાન મથકો વગેરે વિશે જાગૃત કર્યા હતા. આ કાર્યક્રમમાં નાયબ કલેકટર શ્રી અમિત પરમાર,ARO માંજલપુર, ગ્લોબલ ચેરમેન, UNACCC શ્રી રજત શર્મા, જિલ્લા SVEEP કો-ઓર્ડિનેટર ડો .સુધીર જોષી,કોન્સિલિએટર અને સ્થાપક Sambhav ઈનિશિયેટિવના હિરાંશી, એમ.એસ.યુનિ.લો ફેકલ્ટી અને પારુલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા.

## મતદાન જાગૃતિ અભિયાનઃ શહેરના મોટા મોલમાં સેલ્ફી પોઇન્ટ ઉભા કરવામાં આવ્યા




**વડોદરા** :જિલ્લા ચૂંટણી અધિકારી બિજલ શાહના માર્ગદર્શન હેઠળ વડોદરા શહેર જિલ્લામાં મતદાન જાગૃતિ અભિયાન વેગવંતુ બન્યું છે. લોકસભા બેઠકની ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે માટે શહેરના મોટા મોલમાં સ્ટેનડી અને સેલ્ફી પોઈન્ટ ઉભા કરવામાં આવ્યા છે. મોલમાં આવતા ગ્રાહકોમાં મતદાન અંગે જાગૃતિ ફેલાય એવા હેતુથી સેલ્ફી પોઈન્ટ ઉભા કરવામાં આવ્યા છે. અહી આવતા ગ્રાહકો પોતાની સેલ્ફી લે છે.

## તમારા મતદાન મથકને જાણો "Know Your Polling Station" કેમ્પેઇન યોજાયું



**વડોદરા** : લોકસભાની ચૂંટણી-૨૦૨૪માં મતદારોની સહભાગીદારી વધે અને લોકશાહી વધુ મજબૂત બને તે માટે ભારતના ચૂંટણીપંચની સૂચનાઓ મુજબ શહેર જિલ્લામાં જિલ્લા ચૂંટણી અધિકારી બિજલ શાહના માર્ગદર્શન હેઠળ મતદાર જાગૃતિ બાબતે જુદા-જુદા કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યાં છે. રવિવારે શહેર જિલ્લાના તમામ મતદાન મથકો ખાતે "Know Your Polling Station (KYPS)" કેમ્પેઈનનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં જે તે મતદાન મથકના BLO મતદાર યાદી સાથે હાજર રહી મતદારોને મતદાન મથક સંબધિત માહિતીની જાણકારી આપી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર બિજલ શાહે ૧૫ જેટલા મતદાન મથકોની મુલાકાત લઈ બી.એલ.ઓને મતદાન મથકની તમામ જાણકારી મતદારોને આપવા સહિત સૂચનાઓ આપી હતી.

## વડોદરા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મહત્તમ મતદાન માટે ઓનલાઇન આમંત્રણની વેબસાઇટ લોન્ચ

**વડોદરા** :વડોદરા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મહત્તમ મતદાન માટે એક નવતર પહેલ શરૂ કરવામાં આવી છે. વડોદરા શહેર અને જિલ્લાના મતદારોને હવે આગામી તા.૭ના રોજ અવશ્ય મતદાન કરવા જવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ઓનલાઈન આમંત્રણ પાઠવવામાં આવશે. આ વેબસાઈટને લોંચ કરવામાં આવી છે. લોકશાહીના આ મહાપર્વમાં નાગરિકોની ભાગીદારી વધે એ માટે વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેની સાથે મતદારોને ડિજિટલી ઈન્વિટેશન આપવા માટે હવે એક ખાસ વેબસાઈટ લોંચ કરવામાં આવી છે.

### સાવલીના જાવલા ખાતે આવેલ જાવલિયા હનુમાનની પત્રિકા છપાવીને છેતરપિંડી કરતો હતો

# જાવલિયાં હનુમાનના નામે પ્રાણ પ્રતિષ્ઠાની ખોટી પત્રિકા છપાવી દાન ઉઘરાવનાર ઝડપાયો

**એક ઈસમ** દાન ઉઘરાવતો હોવાનું તાલુકા જનોને અને ગ્રામજનો અને સરપંચને ધ્યાને આવ્યું

(પ્રતિનિધી) સાવલી, તા.28

સાવલી તાલુકા ના જાવલા ગામે આવેલ જાવલિયાં હનુમાન મંદિર ના નામે પ્રાણ પ્રતિષ્ઠા ની ખોટી પત્રિકા છપાવીને દાન ઉઘરાવતો ઈસમ ને ઝડપીને ગ્રામજનોએ પોલીસને હવાલે કર્યો છે અને પત્રિકા છાપીને કોઈપણ વ્યક્તિને દાન ન આપવાની જાહેરાત કરવામાં આવી છે

જાવલા ગામે આવેલ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા ના નામે એક ઈસમ દાન ઉઘરાવતો હોવાનું તાલુકા જનોને અને ગ્રામજનોને અને સરપંચ ને ધ્યાને આવ્યું હતું જેમા લોકો ને છેતરવા અને આસ્થાનું બ્લેકમેઈલીંગ કરવા માટે પત્રિકા છપાવવામાં આવી હતી જેમાં 58 ફૂટ ઊંચી જાવલીયા હનુમાનની પ્રતિમા બનાવવાનું અને સંવત 2080 અષાઢ સુદ બીજ અને રવિવારે તારીખ 7,7 2024 ના રોજ વિધિવત પૂજન કરી આ કાર્યની શુભારંભ ની જાહેર કરતી પત્રિકા છાપવામાં આવી હતી અને તેના માટે દાન સ્વીકારવામાં આવે છે તેવી જાહેરાત કરવામાં આવી હતી અને મોબાઈલ નંબર પણ છાપવામાં આવ્યો હતો તેના પગલે હનુમાન ભક્તો અને ગ્રામજનોમાં ભારે રોષની લાગણી ફેલાઈ હતી અને ગ્રામજનોએ તેના મોબાઈલ પર ફોન કરીને વાતોમાં લાવીને યુક્તિ કરીને આ ઈસમને બોલાવીને ઝડપી પાડ્યો હતો અને સાવલી પોલીસને હવાલે કર્યો હતો સાથે સાથે પત્રિકા દ્વારા સમગ્ર તાલુકા જનોને જાવલિયા હનુમાન મંદિર બાબતે કોઈપણ


જાહેર નિમંત્રણ
જાવલીયા હનુમાનજી મંદિર
જાવલીયા હનુમાનજી મંદિરે દાદાની ૫૮ ફૂટ ઉંચી મૂર્તિનું પ્રસ્થાપિત કરવાનું કાર્ય
સંવત ૨૦૮૦ના અષાઢ સુદ બીજને રવિવાર તા. ૭-૭-૨૦૨૪ ના રોજ ૧૦:૩૦ કલાકે રાખેલ છે.



ફાળો ન આપવા અને આવો કોઈ પણ કાર્યક્રમ ન હોવાની જાણ કરતી પત્રિકા વિતરણ કરવામાં આવી છે તેમ છતાં પણ કોઈ જો દાન માંગે તો બે ગ્રામજનોના નંબર આપીને સંપર્ક કરવાની વિનંતી કરવામાં આવી છે

હરીશ બાબુભાઈ ભોઈ નામનો ડેસર તાલુકાના પીપળીયા ગામનો વતની હોવાનું જાણવા મળ્યું છે સાવલી પોલીસે ઝડપાયેલ ઈસમની સઘન પૂછપરછ કરવા તજવીજ હાથ ધરી છે જ્યારે ભગવાનના નામે પૈસા ઉઘરાવતા અને છેતરપિંડી કરતા હોવાની જાણ તાલુકા નો ધર્મ પ્રિય લાગણીની લાગણી દુભાઈ છે અને આસ્થા અને ભારે ઠેસ પહોંચી છે જે થી આ મામલે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### આધુનિક જમાનામાં પણ જૂની પરંપરા

# પરંપરાને જાળવી રાખવા ઢોલ નગારા સાથે અંતિમ યાત્રા

**ઢોલ-નગારા** સાથે તેની અંતિમ યાત્રામાં મહિલાઓ પણ ચકલા ભાગોળ સુધી સાથે આવતા હોય છે

(પ્રતિનિધિ) વડોદરા તા.28

આદિવાસી સમાજની પરંપરા મુજબ આધુનિક જમાનામાં પણ વર્ષો પુરાની પોતાની પરંપરા જાળવી રાખતા મૈયત થાય ત્યારે ઢોલ નગારા સાથે તેની અંતિમયાત્રામાં મહિલાઓ પણ ચકલા ભાગોળ સુધી પહોંચતા હોય છે. પોતાના સમાજની રીત રિવાજ મુજબ અંતિમ અગ્નિસંસ્કાર પણ કરતા હોય છે.તેનો કિસ્સો ડભોઇ તાલુકાની વસાહતમાં જોવા મળ્યો હતો.

જાણવા મળતી માહિતી મુજબ ડભોઈ તાલુકાના કરનેટ નર્મદા વસાહત 2 માં ચીમજીભાઈ દામજીભાઈ વસાવા મૈયત થયા હતા. આદિવાસી સમાજની પરંપરા મુજબ



પોતાની સંસ્કૃતિને જાળવી રાખતા અને આધુનિક જમાનામાં પણ વર્ષો પહેલા ની પરંપરાને જાળવી રાખવા ઢોલ નગારા સાથે તેની અંતિમ યાત્રામાં મહિલાઓ પણ ચકલા ભાગોળ સુધી સાથે આવતા હોય પોતાના સમાજની રીત રિવાજ મુજબ અંતિમ અગ્નિસંસ્કાર પણ કરતા હોય છે. તેનો આ એક કિસ્સો ડભોઈ તાલુકાની વસાહતમાં જોવા મળ્યો હતો.

### પરણીતાએ આખરે અભયમમાં ફરિયાદ કરીને નિરાકરણ મેળવ્યું

# બેરોજગાર પતિ પત્ની પર શંકા રાખીને હેરાનગતિ કરતા અભયમમાં ફરિયાદ

**રસોઈ** બનાવીને બાળકો અને પરિવારને સંભાળતી પત્નીના ચારિત્ર્ય પર શંકા રાખી હેરાનગતિ

(પ્રતિનિધિ ) વડોદરા તા.28

પાદરા ખાતે રહેતી મહિલા અભયમને કોલ કરીને જણાવ્યું હતું કે, તેમના પતિ સાથે ત છેલ્લા ચાર મહિનાથી ઝઘડો ચાલી રહ્યો છે. તેમના મોસાળમાં લગ્ન પ્રસંગ હોવાથી કામમાં મદદરૂપ થવા માટે હું મોસાળ ગઈ હતી. જ્યાં મારો પતિ મારા પર શંકા રાખીને મારા પરિવારજનોને તેમજ મારા વિશે ખરાબ બોલીને સમાજ અને પરિવારજનો વચ્ચે મારી ખોટી અફવા ફેલાવે છે અને મારા ચરિત્ર પર શંકા ખાઈને મને હેરાન ગતિ કરે છે તેવી ફરિયાદ નોંધાવતા અભયમ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને મહિલાનું કાઉન્સિલિંગ કર્યું હતું ત્યારે જાણવા મળ્યું હતું કે, તેમના પતિ કોઈપણ કામકાજ કરતા નથી અને ઘરે જ હોય છે. જ્યારે પત્ની વિવિધ ઘરોમાં જમવાનું બનાવીને પોતાના પરિવારજનો તેમજ બાળકોના અભ્યાસનો ખર્ચો પણ ઉઠાવે છે તેમના દીકરી કોલેજમાં હોવાથી ફી પણ વધારે હોવાના કારણે તેઓ વધારે કલાકો કામ કરતા હતા જેથી પતિ તેના ચરિત્ર પણ શંકા રાખીને તેમને સતત હેરાનગતિ કરતો હતો અને શારીરિક સંબંધ બાંધવા માટે પણ દબાણ કરતો હતો જેથી ત્રસ્ત આવીને પરણીતા એ આ બાબતે અભયમને ફરિયાદ કરી હતી. જેથી અભયમ ની ટીમ ઘટના સ્થળે પહોંચીને પતિ સાથે પણ વાતચીત કરી અને સમજાવ્યું હતું કે , તમારા પત્ની મહેનત કરીને તમને આર્થિક રીતે સપોર્ટ કરવાનો પ્રયત્ન કરે છે તો તેમનો આભાર માનવો. પત્ની પર ખોટી શંકા કરીને તેમના વિશે ખોટી વાતો ફેલાવીને બદનામ કરવું નહીં. પત્નીને ઈચ્છા વિરુદ્ધ જાતીય સંબંધ માટે દબાણ કરવું નહીં. તેમની ઈચ્છા કે પરિસ્થિતિ ને સમજવી. એકબીજાની જરૂરિયાતો સમજવી અને સારી રીતે જવાબદારી નિભાવવી. બંને પતિ પત્નીને સમજાવેલ કે પોતાના લગ્નજીવન સંબંધો સુધારવા માટે પરિવાર સાથે બેસીને જમવું રોજ પરિવાર વચ્ચે વાતચીત કરતા રહેવું. મહિલાને પણ સમજાવેલ કે ઘરમાં બે બાળકો અને વડીલ હોવાથી ઘર ની જવાબદારી સારી રીતે નિભાવી શકાય તે માટે શક્ય બને તો નજીકમાં નોકરી શોધવાનો પ્રયત્ન કરવો. તેમજ પોતાના બાળકોને આગળ ભણાવવા માટે પ્રોત્સાહન આપવું અને બંને પતિ પત્નીએ મહેનત કરીને બાળકોની સ્કૂલ તેમજ કોલેજની ફી ભરવી. આમ બંને પતિ પત્ની એકબીજાને સંબંધ સુધારવા માટે મોકો આપીને સુખદ સમાધાન મેળવ્યું હતું.

### વાંદરાને નીસરણી નહિ વાંદરાને મોબાઇલ આપો

# કમાટીબાગમાં સહેલાણીના હાથમાંથી વાંદરાએ મોબાઈલ ઝૂંટવી લીધો

(પ્રતિનિધિ ) વડોદરા તા.28

વડોદરાના કમાટીબાગ ઝૂ માં વાંદરાના હાથમાં મોબાઈલ આવ્યો હોવાની ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા માં ભારે વાયરલ થવા પામ્યો છે. જેને લઈને તરહ તરહની ચર્ચાઓ જાગી છે. ઘણી વખત સહેલાણીઓ પ્રાણીઓના પિંજરાની વધુ નજીક મોબાઈલમાં ફોટો પાડવા માટે જઇ પહોંચતા હોય છે.

જેને લઈને વાંદરાએ કોઇ સહેલાણીનો ફોન ઝૂંટવી લીધો હોવાનું ચર્ચાઇ રહ્યું છે. લોકોએ પ્રાણીઓના પિંજરાથી સલામત અંતર રાખવું જરૂરી છે. મધ્યગુજરાતનું એક સમયનું સૌથી મોટું પ્રાણી સંગ્રહાલય સયાજીબાગ ઝૂ વડોદરામાં આવેલું છે. આ ઝૂ માત્ર વડોદરા જ નહિ પરંતુ આસપાસના જિલ્લાના લોકો માટે પણ આકર્ષણનું કેન્દ્ર છે. લોકોનો સયાજીબાગ ઝૂનો અનુભવ વધારે યાદગાર બનાવવા માટે તંત્ર દ્વારા વિવિધ પ્રકારના નવીન આકર્ષણોનો ઉમેરો કરવાનું ચાલુ જ છે. તેવામાં આજે વડોદરાના સોશિયલ મીડિયા સર્કલમાં એક વિડીયો ભારે વાયરલ થવા પામ્યો છે. જેમાં એક વાંદરાના હાથમાં મોબાઈલ ફોન જોવા મળી રહ્યો છે. વાંદરૂ પીંજરામાં કેદ છે. અને મોબાઈલ ફોન વડે રમી રહ્યું છે. આ વિડીયોમાં પાછળથી લોકોનો અવાજ સાંભળવા મળી રહ્યો છે. હિંદી અને ગુજરાતીમાં લોકો એકબીજાને પુછી રહ્યા છે કે, આ કોનો ફોન અંદર જતો રહ્યો છે. તેવામાં વાંદરો પિંજરામાં ઉપર નીચે મોબાઈલ ફોન લઈને આંટા મારી રહ્યો છે. અને હાથમાં તો આવી ગયું હવે શું કરવું તેનો વિચાર કરતો જોવા મળી રહ્યો છે. આ ઘટનામાં કોઈ સહેલાણી વાંદરાના



પિંજરા નજીક ગયો હોય, અને તેનો ફોન તેણે ઝુંટવી લીધો હોય તેવી શક્યતા છે. કમાટીબાગમાં રાખવામાં આવેલા અલગ અલગ પ્રાણીઓના અથવા તો તેમના જોડે નજીકથી ફોટો ખેંચવા માટેનો લોકોમાં ક્રેઝ હોય છે. ત્યારે આ રીતે ફોન અથવા કોઈ કિંમતી સામાન પ્રાણીના હાથ લાગે તો નુકશાન પણ વેઠવું પડી શકે છે.

# ટ્રેનમાંથી ચોરાયેલા 35 લાખના દાગીના SPના હસ્તે પરત કરાયાં

**જોધપુરથી** સુરત આવતી વેળા ટ્રેનમાંથી ચોરી કરનાર તસ્કર હરીયાણાથી ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.28

જોધરથી સુરત આવતી મહિલાના બેગમાંથી 35 લાખના સોના અને હિરાજડીત દાગીનાની ચોરી કરનાર તસ્કરને રેલવે એલસીબીની ટીમે હરીયાણાથી ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી મુદ્દામાલ રિકવર કરીને તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત પોલીસ અધિક્ષકના હસ્તે મહિલાને બોલાવી મુદ્દામાલ સહીસલામત પરત કર્યો હતો.

જોધપુર રેલવે સ્ટેશનથી સુર્યનગરી એક્સપ્રેસ ટ્રેનમાં બેસીને પરિવાર સુરત આવતો હતો. તે દરમિયાન 4થી 5 ફેબ્રુઆરી દરમિયાન ડબ્બામાંથી કોઇ બેઠેલી મહિલાના ટ્રોલીબેગની ચેન ખોલી સોનાના તથા હીરા જડીત દાગીના 340 ગ્રામ રૂ. 35 લાખની ચોરી તસ્કર ફરાર થઇ ગયો હતો. જેની પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી. ત્યારે પોલીસ અધિક્ષક સરોજકુમારી દ્વારા વહેલીતકે ગુનો ડીટેક્ટ કરીને આરોપીઓને શોધી કાઢી મુદ્દામાલ રિકવર કરવા માટે સુચના આપી હતી. એલસીબીની ટીમ વડોદરા અને સુરતની ટીમ દ્વારા જોધપુરથી સુરત સુધીના સ્ટેશનો પર આવતા સીસીટીવી ફુટેજ, પેસેન્જરોના રિઝર્વેશન ચાર્ટ સહિતની માહિતી એકત્ર કરી હતી. જેમાં ચોરી કરનાર



શખ્સો ગુનો આચર્યા બાદ હરિયાણા મુદ્દામાલ સાથે ભાગી ગયા હતા. જેથી એલસીબીની ટીમ હરિયાણા રવાના થઇ હતી અને હાસી હિસોરા રોહતક દિલ્હી ખાતે પહોંચી ત્યાં પહેરવેશ ધારણ કરીને શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન બાતમીના આધારે એક શંકાસ્પદ શખ્સ રવિ રઘુવીર સાંસી (રહે. વેસ્ટ દિલ્હી)ને ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી સોનું તથા હીરાજડીત દાગીના મળી 35 લાખની મતા રિકવર કરી હતી. ત્યારબાદ તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત મહિલાને બોલાવીને સહીસલામત રીતે પોલીસ અધિક્ષક સરોજકુમારીના હસ્તે દાગીના પરત કરાયા હતા.

## સાવલી અકસ્માતમાં મૃત્ય પામનારના પરિવારજનોને મોરારી બાપુ દ્વારા રૂપિયા ૧૫ હજારની સહાય

(પ્રતિનિધિ) વડોદરા તા.28

બે દિવસ પહેલા મૂળ આણંદ જિલ્લાના અડાસ ગામનો એક



પરિવાર સામાજિક કારણોસર યાત્રા કરી રહ્યો હતો તે સમયે વડોદરાના સાવલી નજીક એમનાં વાહનનો ટ્રક સાથે અકસ્માત સર્જાયો હતો અને તેમાં પાંચ વ્યક્તિઓ નાં મોત નિપજયા હતા.

પૂ. મોરારીબાપુએ તમામ મૃતકોના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૭૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે જે સેવા વડોદરા સ્થિત રામકથાના શ્રોતાઓ દ્વારા પહોંચાડવામાં આવી છે.તળાજા તાલુકાના ઉંચડી ગામે અકસ્માતમાં બે બાળકો નદીમાં ડૂબી જતાં તેમનાં મોત નિપજયા હતાં.

### પાવાગઢ અને સયાજીગંજની હોટલમાં લઇ જઇને બળાત્કાર ગુજારતો

# લગ્નના સપના વતાવીને વારંવાર દુષ્કર્મ ગુજારનાર યુવક જેલ ભેગો

**છેલ્લા સાત** વર્ષથી શરીર સંબંધ બાંધ્યા બાદ આખરે લગ્ન કરવાનો ઇન્કાર કર્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.28

લગ્ન કરવાના સપના બતાવીને યુવતીને અલગ અલગ જગ્યા પર લઇ જઇ તેણી પર વારંવાર દુષ્કર્મ ગુજારના છાણી વિસ્તારમાં રહેતા યુવકની ફતેગંજ પોલીસે ધરપકડ કરી હતી. જરુરી પુરાવા એકત્ર કરીને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે સેન્ટ્રલ જેલમાં મોકલી આપવાનો હુકમ કર્યો છે.

શહેરના છાણી ટીપી 13 વિસ્તારમાં રહેતા અજય દેવા અલગોતર 25 વર્ષીય યુવતીને લગ્ન કરવાની ભરોષ આપ્યો હતી. જેથી અજય તેની સાથે લગ્ન કરવાનો હોવાના યુવતી તેની સાથે છેલ્લા સાત વર્ષથી પ્રેમ સંબંધ હતી. જ્યારે યુવક તેને બહાર ફરવા માટે લઇ જતો હતો. ત્યારે સાત વર્ષના પ્રેમ સંબંધ દરમિયાન યુવક યુવતીને પાવાગઢ, સયાજીગંજ વિસ્તારની હોટલ તથા તેના ભાડા મકાનમાં લઈને જઈને તેના પર બળાત્કાર ગુજારતો હતો. જ્યારે યુવતી તેને લગ્ન કરવાની વાત કહેતી ત્યારે કોઇને કોઇ બહાર કાઢીને વાત ટાળી દેતો હતો.

દરમિયાન આખરે યુવકે તેની સાથે લગ્ન નહી કરવાનું કહી દેતા તેના પગ તળથી જમીન સરકી ગઇ હતી. યુવતીએ તેના પર યુવકે બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે યુવકની ધરપકડ કરી હતી. ફતેગંજ પોલીસ દ્વારા જરુરી પુરાવા એકત્ર કર્યા બાદ કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેને સેન્ટ્રલ જેલમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો.

# બ્રિટનથી પરત આવેલા યુવકનું અજાણ્યા વાહનની ટક્કરે મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વર્ષોથી બ્રિટન ખાતે રહેતા પુરુષ છેલ્લા કેટલા સમયથી વડોદરા ખાતે રહેવા માટે આવ્યા હતા. બે દિવસ પૂર્વે રાત્રી દરમિયાન કામ અર્થે એકટીવા પર જઈ રહ્યા હતા તે દરમિયાન અન્ય વાહન ચાલકે તેમની સાથે અકસ્માત સર્જતાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતી હતી. તેના કારણે તેઓને સારવાર અર્થે થયા સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

બ્રિટન થી પરત આવેલા પટેલ જયેશભાઈ ના પત્ની અને બાળકો હાલ બ્રિટનમાં જ રહેતા હતા જ્યારે પોતે એકલા વડોદરા ખાતે રહેવા માટે આવ્યા હતા. તેઓ હાલ માંજલપુર વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતા હતા.ગત તા. 26 એપ્રિલ ના રોજ રાત્રિના 11:00 વાગે તેઓ કામ અર્થે પોતાની એકટીવા પર સવાર થઈને જઈ રહ્યા હતા તે દરમિયાન કોઈ અજાણ્યા વાહન ચાલકે તેમની સાથે એક્સિડન્ટ કરીને તેમને ગંભીર રીતે ઈજાગ્રત કરતા તેઓને સારવાર અર્થે તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેઓનું સારવાર દરમિયાન મોત નીપજતા તેમના ભાઈ દ્વારા માંજલપુર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવીને કાયદેસરના પગલાં લેવા માટેની કાર્યવાહી હાથ ધરી હતી.

### છેડતી | પિતા ગુજરી જતા મિત્રએ વિધવા અને બાળકોને મદદ કર્યા બાદ

# પિતાના મિત્રે જ યુવતીને શારીરિક સંબંધ બાંધવા બળજબરી કરતા ફરિયાદ

**પરણીત પુરુષ** હોવા છતાં પણ યુવતીને લગ્ન કરવા માટે દબાણ કરીને હેરાન ગતિ કરતો હતો

(પ્રતિનિધિ) વડોદરા તા.28

યુવતી જ્યારે નાની હતી ત્યારે તેના પિતા ગુજરી જતા તેમના મિત્ર એ વિધવા માતા અને બાળકોને આર્થિક રીતે મદદરૂપ બનીને મદદ કરતો હતો બાદમાં યુવતી મોટી થઈ ગયા બાદ એક કામ કંપનીમાં નોકરી કરીને પોતાનો તેમજ પોતાના પરિવારજનોનું ગુજરાન ચલાવે છે. ત્યારે પિતાના મિત્ર સતત નોકરી પરના સ્થળ પર આવી પહોંચીને તેમજ મેસેજ કરી અને તેમની સાથે લગ્ન કરવા માટેનું દબાણ કરે છે અને શારીરિક સંબંધ બાંધવા માટે પણ જબરજસ્તી કરતો હોવાથી યુવતીએ આ બનાવ અંગે અભય અમને જાણ કરતા અભયમેં પરિણીત પુરુષને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ તે ભાગી જતા આખરે અભયમ ની ટીમે યુવતી તરફે વલણ દાખવીને ગોરવા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવી હતી અને કાયદાકીય કાર્યવાહી હાથ ધરી હતી. મૂળ બિહાર ખાતે રહેતી 25 વર્ષીય યુવતી કામ અર્થે વડોદરા રહેવા માટે આવી હતી. સુભાનપુરા વિસ્તાર ખાતે આવેલી એક ખાનગી કંપનીમાં નોકરી કરીને તેના પરિવારજનો અને તેનું ગુજરાન ચલાવતી હતી. અને ગોરવા વિસ્તારમાં રહેતી હતી. પિતાનો મિત્ર યુવતી સાથે જબરજસ્તી પૂર્વક શારીરિક સંબંધ બાંધવા માટે અને હેરાનગતિ કરવા માટે સતત યુવતી નો નંબર ટ્રેક કરીને રાત્રી દરમિયાન પણ તેના ઘરે આવીને તેને અપશબ્દ બોલીને ધમકી આપતો હતો તેમ જ ફોન કરીને પણ ગમે તેવું બોલતો હતો તેના ત્રાસથી કંટાળીને અનેકવાર મહિલાએ ઘર પણ બદલ્યા છે.

પરંતુ તે લોકેશન ટ્રેક કરીને સતત તેનો પીછો કરતો રહેતો હતો. પોતે પરિણીત હોવા છતાં પણ યુવતીને લગ્ન કરવા માટેનું દબાણ કરીને હેરાનગતિ કરતો હતો જેના કારણે યુવતીએ ત્રસ્ત થઈને આ બનાવવા અંગે જાણ કરી હતી જેથી અભયમ ટીમ ઘટના સ્થળે પહોંચીને સામા વાળા વ્યક્તિને બોલાવીને તેનું કાઉન્સિલિંગ કરવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ તે ભાગી જતા અભયમ ટીમે ગોરવા પોલીસ મથકમાં તેના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## સાકરદા ખાતે થયેલા અકસ્માતમાં વધુ એક યુવકનું મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરા બે દિવસ પૂર્વે સાકરદા ખાતે થયેલા અકસ્માતમાં 40 વર્ષીય પુરુષનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. મૂળ અડાજ ખાતે રહેતા એક જ પરિવારના 34 જેટલા લોકો મામેરુ લઈને સાવલી તાલુકાના ગામમાં જઈ રહ્યા હતા તે દરમિયાન સાકરદા ખાતે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં આઈસર અને ટ્રેલર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં 34 લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. જે પૈકી પાંચનું ઘટનાના દિવસે જ મોત નિપજ્યું હતું ત્યારે આજે વધુ એક ઈજાગ્રસ્તનું મોત નીપજતા મૃત્યુ આંક છ એ પહોંચ્યો હતો. જ્યારે અન્ય હજી પણ હોસ્પિટલમાં સારવાર મેળવી રહ્યા છે. સયાજી હોસ્પિટલમાં સારવાર મેળવી રહેલા દિલીપસિંહ રાજ (ઉ.વ.48) પણ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત હતા અને આજે તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

## છાણીમાં બંધ ઘરમાંથી 1.24 લાખ મતાની ચોરી

**વડોદરા.** છાણી જકાતનાકા પાસે રહેતા વિપુલભાઈ કોઠારીએ ફરિયાદ નોંધાવી છે કે હુ ચકલી સર્કલ ખાતેની આઈસીઆઈસીઆઈ બેન્ક રીઝનલ મેનેજર તરીકે નોકરી કરૂ છું. મારી સાથે મારા મમ્મી રમીલાબેન રહે છે તથા પપ્પા સ્વામીનારાયણ મંદિર કુડળ ખાતે રહે છે. સ્વામીનારાયણ ફળીયાવાળુ મકાન છેલ્લા ચાર વર્ષથી બંધ છે. 25 એપ્રિલના રોજ સવારે મારા મમ્મી મકાનમાં સફાઈ કરવા માટે ગયેલા અને બપોરના ઘરને બંધ કરી પરત આવી ગયા હતા. તે દરમિયાન તસ્કરોએ બંધ મકાનમાં ઘુસ્યા હતા અને તિજોરીની સરસામાન વેરવિખેર કરી નાખ્યા બાદ ડ્રોઅરમાં મુકેલા સોના ચાદીના દાગીના મળી રૂ.1.24 લાખની માલમતાની સાફસુફી કરીને પલાયન થઇ ગયા હતા.

ગુજરાતમિત્ર

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' વડોદરા પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર, પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

સરનામુ :- 28/29, બીજો માળ, હિરાવંતી ચેમ્બર્સ, આર્યકન્યા મહાવિદ્યાલય સામે, કારેલીબાગ, વડોદરા. (ફોન : 0265-2462584)

આપ અમને ઈ-મેલ પણ કરી શકો છો! gmbrdpressnote@gmail.com